Letter No: SJED/0153/03/2024 Dt: 07-03-2024

નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ હસ્તકની સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળા(આશ્રમશાળા)ઓમાં વધુ એક શિક્ષકની જગ્યા મંજૂર કરવા બાબત

નવી બાબત વર્ષ ૨૦૨૪-૨૫, રકમ રૂ.૫.૩૪ કરોડ

ગુજરાત સરકાર

સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક: **SJED/MSC/e-file/17/2023/3441/A Section**

સચિવાલય, ગાંધીનગર

તા.૦૭/૦૩/૨૦૨૪

વંચાણે લીધા:-

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા:૨૬/૦૨/૨૦૨૪ નો પત્ર ક્રમાંક:વિજાક/અમશ/ન.બા./૨૦૨૩-૨૪/૩૫

આમુખ:

નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતા હસ્તકની અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૧ થી ૮ માં કુલ ૦૫ (પાંચ) શિક્ષકોની જગ્યા છે. જ્યારે સમાન ધોરણે ચાલતી અનુસૂચિત જાતિ કલ્યાણ અને આદિજાતિ વિકાસ ખાતામાં ૦૬ શિક્ષકની જગ્યા મંજૂર થયેલ છે. આ શાળાઓ નિવાસી શાળા છે, જેથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના ગરીબ બાળકોના શૈક્ષણિક હિતને ધ્યાને લઈ વધુ એક શિક્ષકની જરૂરિયાત ઉભી થયેલ છે. આથી, નિયામક, વિકસતિ જાતિ કલ્યાણ હસ્તકની સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની ૦૫ (પાંચ) શિક્ષકો ધરાવતી કુલ-૧૭૧ આશ્રમશાળાઓમાં વધુ એક શિક્ષક એમ કુલ-૧૭૧ મદદનીશ શિક્ષકની જગ્યા ઊભી કરવા અંગે વહીવટી મંજૂરી આપવા, નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની કચેરીના વંચાણે લીધેલ ક્રમ (૧) પરના પત્રથી દરખાસ્ત કરવામાં આવેલ હતી. સદર નવી બાબતને વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

સક્ષમ કક્ષાએ થયેલ પુખ્ત વિચારણાને અંતે, નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ હસ્તકની સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની ૦૫ (પાંચ) શિક્ષકો ધરાવતી કુલ-૧૭૧ આશ્રમશાળાઓમાં વધુ એક શિક્ષક એમ કુલ-૧૭૧ મદદનીશ શિક્ષક (વર્ગ-૩) (પે મેટ્રીક્ષ લેવલ નં.૪; રૂ.૨૫૫૦૦-૮૧૧૦૦, **ROP 2016**) ની જગ્યા ઊભી કરવા અંગેની કુલ રૂ.૫.૩૪ કરોડની વર્ષ-૨૦૨૪-૨૫ની નવી બાબતને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

શરતો:

૧. પ્રસ્તુત યોજના અંગેનો ખર્ચ તા.૦૧/૦૪/૨૦૨૪ પછી કરવાનો રહેશે.

૨. આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમોઅને નિયત ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

૩. સીધી ભરતીના ફાળાની જગ્યાઓ વહીવટી મંજુરી મળ્યેથી છ માસમાં સીધી ભરતીથી ભરવા અંગે સા.વ.વિ./નાણા વિભાગ મારફત સ્થાયી સમિતિની મંજુરી મેળવી ભરતી પ્રક્રિયા હાથ ધરવાની રહેશે.

૪. આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે નિયામકશ્રીને(વિ.જા.ક.) જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

૫. આ જગ્યાઓ પર નિમણૂંક પારદર્શક પસંદગી પ્રક્રિયા હાથ ધરીને કરવાની રહેશે.

૬. કમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઈએ.

૭. રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કરવામાં આવેલ ભાષાકીય-ખાતાકીય પરીક્ષાઓ નિયત તકમાં પાસ કરવાની રહેશે.

૮. જે તે જગ્યાઓના પગાર-ધોરણો આર.ઓ.પી.-૨૦૧૬ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની જવાબદારી નિયામકશ્રી(વિ.જા.ક.) ની રહેશે.

૯. વર્ગ-૩ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ થી અમલી બનેલ ફિક્સ પગારની નીતિ અને નાણા વિભાગના તા.૨૮/૦૩/૨૦૧૬ ના ઠરાવથી નિયત થયેલ બોલીઓ અને શરતો અનુસાર અને તેમાં વખતોવખત થયેલ સુધારાઓની જોગવાઈઓ પ્રમાણે ભરવાની રહેશે.

૧૦. સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણાંવિભાગના તા.૧૮/૦૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંકઃ નપન/૨૦૦૩/ જીઓઆઈ/૧૦(પા.ફા.) ની જોગવાઈ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા. ૦૧/૦૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધિત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે

૧૧. આ નવી મંજૂર કરેલ જગ્યાઓ જે-તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતોવખત ચાલુ રાખવાની થાય તો વિભાગે જગ્યાઓની મુદત લંબાવવાની દરખાસ્ત નિયત મુદત પૂરી થતા પહેલાંના બે માસ અગાઉ નાણાકીય સલાહકારશ્રીને રજૂ કરી, જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

૧૨. સીધી ભરતી/બઢતીના ફાળાની નવી ઊભી થયેલ જગ્યાઓની સેવાઓ કરાર આધારિત/આઉટ સોર્સથી લેવાની જરૂરિયાતના સંજોગોમાં નાણા વિભાગ(કરકસર પ્રભાગ)ની પૂર્વ મંજુરી અચૂક મેળવી લેવાની રહેશે.

૧૩. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન સંબંધિત નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

૧૪. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૧૫. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

૧૬. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષના આખરે સરન્ડર કરવાની રહેશે.

૧૭. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૮. સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

આ અંગેનો ખર્ચ માંગણી નંબર- ૯૨, સેક્ટર-ખ સામાજીક સેવાઓ, સબ સેક્ટર-ગ અનુ.જાતિ/અનુ. આદિજાતિઓ, અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, મુખ્ય સદર -૨૨૨૫ અનુ.જાતિ/અનુ.આદિજાતિઓ અન્ય પછાતવર્ગ અને લઘુમતીઓનું કલ્યાણ; પેટા મુખ્ય સદર- ૦૩ અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, ગૌણ સદર- ૨૭૭ શિક્ષણ, પેટા સદર- (૧૧) ઓબીસી-૫ છાત્રાલયો અને આશ્રમશાળાઓ માટે સ્વૈચ્છિક સંસ્થાઓને સહાયક અનુદાન હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ની જોગવાઈઓમાંથી મેળવવાનો તેમજ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા:૦૪/૦૩/૨૦૨૪ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

હરિત આર. દોશી

સેક્શન અધિકારી

સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ

નકલ રવાના: (જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે)

- માન.મંત્રીશ્રી (સા.ન્યા. અને અધિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (સા.ન્યા. અને અધિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- .અધિક મુખ્ય સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર/- સદરહુ ઠરાવને વિભાગને વેબ સાઈટ પર અપલોડ કરવા સારૂ...
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

Signature valid
Signed by:H R Doshi
Section Officer
Date: 2024.03.07
13:15:30 +05:30

Letter No: SJED/0153/03/2024   Dt: 07-03-2024

- સિલેક્ટ ફાઇલ-૨૦૨૪